એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ
(અગાઉ એલ&ટી ફાઈનાન્સ હોલ્ડિંગ્સ લિમિટેડ તરીકે ઓળખાતી હતી)
નોંધણીકૃત કાર્યાલયઃ એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ, વૃંદાવન બિલ્ડિંગ, પ્લોટ નં. 177, કાલીના, સીએસટી રોડ, મર્સિડીઝ શોરૂમની નજીક, સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઈ-400 098.
CIN No.: L67120MH2008PLC181833
શાખા કાર્યાલયઃ સુરત

L&T Finance

જાહેર સૂચના – મિલકતની હરાજી કમ વેચાણ

એલ&ટી ફાઈનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ 2002 (54/2002) અને કથિત ધારા હેઠળ આપવામાં આવેલી સત્તાની અજમાયશ કરતાં નિમ્નલિખિત મિલકતો તેનાં લેણાં અને તેની પરનું વ્યાજ, શુલ્ક અને ખર્ચ વગેરે વસૂલ કરવા માટે **"જાહેર ઈ-હરાજી"** થકી **"જેમ છે જ્યાં છે ધોરણે" અને "જેમ છે જે સ્થિતિમાં છે"** ધોરણે ઈ-હરાજી કરવા માગે છે. અમે અત્રે કોલ્હાપુર ટાઈમ્સ અને કોલ્હાપુર કેસરીમાં તારીખ 23-4-2024ના રોજ પ્રસિદ્ધ કરેલી અમારી લિલામીની સૂચના પાછી ખેંચી રહ્યા છીએ.

ઋણદાર અને સહ-ઋણદારનું નામ	સંરક્ષિત મિલકતનું સરનામું	લોન અકાઉન્ટ નંબર(રો)	પ્રત્યક્ષ લીધેલો કબજો	બાનાની રકમ 10% અથવા અનામત કિંમતથી વધુ (રૂમાં)	17.07.2024 ના રોજ કુલ બાકી લેણા	અનામત કિંમત (રૂમાં)	નિરીક્ષણની તારીખ	હરાજીની તારીખ અને સમય
1. કાળુભાઈ માધાભાભા બ્રહ્મભા 2. નાથીબેન કાળુભાઈ બ્રહ્મભા	**પરિશિષ્ટ I** સદરહુ ફ્લેટના તમામ હક્ક ટાઈટલ અને હિતો કે જેનો નં. 103 છે અને જેનું ક્ષેત્રફળ આશરે 55.26 ચો.મી. બિલ્ટઅપ રહેલું છે જે સ્ટાર હોમ્સ બિલ્ડીંગના એચ-2ના 1લા માળે આવેલો છે જેની સાથે મળીને સદરહુ બિલ્ડીંગની જમીનના અવિભાજિત પ્રમાણસરના ભાગની સાથે આ આખી જમીન મહેસુલ સર્વે નં. 38, બ્લોક નં. 65/એ મોજે ગામ કોસાદ તાલુકો સિટી (અડાજણ) જિલ્લા સુરતમાં આવેલી છે જેનો ફાઈનલ પ્લોટ નં. 18/1 અને ટાઉન પ્લાનિંગ સ્કીમ નં. 23 રહેલી છે. સદરહુ એચ-2 બિલ્ડીંગ નીચે મુજબની દિશાઓ ધરાવે છેઃ- દિશાઓ: પૂર્વમાં બિલ્ડીંગ નં. એચ-3; પશ્ચિમે બિલ્ડીંગ નં. એચ-1; ઉત્તરે ખુલ્લી જમીન; દક્ષિણે રોડ	H013232 91220101 928 & H013232 91220113 120	29મી સપ્ટેમ્બર, 2024	રૂ. 1,68,980/-	રૂ. 3,89,326.39/-	રૂ. 16,89,800/-	તમામ કામકાજના દિવસે સવારે 10.00થી સાંજે 5.30 સુધી આગોતરી એપોઈન્ટમેન્ટ સાથે	12.12.2024 ના રોજ બપોરે 12.00થી બપોરે 2.00 સુધી

જાહેર હરાજીના નિયમો અને શરતો

1. ઈ-હરાજી વેચાણ એઈડ અને જાહેર ઈ-હરાજી માધ્યમ થકી સારફેસી એક્ટની જોગવાઈઓ હેઠળ વેબસાઈટ https://sarfaesi.E-auctiontiger.net થકી અધિકૃત અધિકારી દ્વારા ઓનલાઈન હાથ ધરાઈ રહ્યું છે.
2. જાહેર ઈ-હરાજી ઉક્ત ઉલ્લેખિત તારીખ અને સમયે હાથ ધરાશે, જ્યારે ઉક્ત ઉલ્લેખિત સંરક્ષિત અસ્ક્યામત **"જેમ છે જ્યાં છે ધોરણે" અને "જેમ છે જે સ્થિતિમાં છે"** ધોરણે વેચવામાં આવશે.
3. જાહેર ઈ-હરાજું ભાગ લેવા માટે ઈચ્છુક ખરીદદાર/બિડરોએ 11/12/2024 ના રોજ અથવા પૂર્વે પેન કાર્ડ, કંપનીના કિસ્સામાં બોર્ડનો ઠરાવ અને સરનામાના પુરાવાની નકલો સાથે સંરક્ષિત અસ્ક્યામતોની અનામત કિંમતના 10%ની રિફંડેબલ બાનાની રકમની ચુકવણીની વિગતો સુપરત કરવાની રહેશે.
4. જાહેર ઈ-હરાજીમાં સફળ નહીં થનારા બધા અન્ય બિડરોની બાનાની રકમ એલટીએચએફ દ્વારા જાહેર ઈ-હરાજી બંધ થયાના 7 દિવસમાં રિફંડ કરાશે. બાનાની રકમ પર કોઈ વ્યાજ નહીં અપાશે.
5. સફળ ખરીદદાર/બિડરે તેની/તેમની ઓફરના 25% (બાનાની રકમનો સમાવેશ) ડી.ડી./પી.ઓ.ના રૂપમાં "એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ"ને નામે મુંબઈ ખાતે 12/12/2024 ના રોજ 18:00 કલાકે અથવા તે પૂર્વે, એટલે કે, ઈ-લિલામીના દિવસે અથવા આગામી કામકાજના દિવસ, એટલે કે, 13/12/2024 ના રોજ જમા કરવાના રહેશે, જે ડિપોઝિટ એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ દ્વારા પુષ્ટિ કરાશે, જેમાં નિષ્ફળ જતાં વેચાણ નિષ્ફળ થયું છે એવું ધારવામાં આવશે અને કથિત સફળ બિડરની બાનાની રકમ જપ્ત કરાશે. બાકી રકમ, એટલે કે, ખરીદી કિંમતના 75% ખરીદદાર દ્વારા એલ&ટી ફાઈનાન્સ લિમિટેડને સ્થાપર મિલકતના વેચાણની પુષ્ટિના પંદરમા દિવસે અથવા તે પૂર્વે અથવા કાયદાની જોગવાઈ અનુસાર આવા વિસ્તારિત સમયગાળામાં ખરીદદાર દ્વારા ચૂકવવાપાત્ર રહેશે.
6. મિલ્કતના નિરીક્ષણ અથવા વધુ માહિતી માટે, સંભવિત બીડર્સ અધિકૃત અધિકારી એટલે કે, નામ- **દિલીપ મિશ્રા, સંપર્ક નં. 7575021496, એલએન્ડટી ફાઈનાન્સ લિ., ઈશ્વો કોમર્ઝ કોમ્પલેક્ષ, 3જો માળ, 308થી 311 અને 322થી 326, જી ડી ગોએન્કા રોડ, સંગિની એરિઝની સામે, વેસુ, સુરત 395007 અને સંતોષ તિવારી, સંપર્ક નં. 9920490126, એલએન્ડટી ફાઈનાન્સ લિ., ઓફિસઃ 6ઠ્ઠો માળ, વૃંદાવન બિલ્ડીંગ, પ્લોટ નં. 177, કલિના, સીએસટી રોડ, મર્સિડીઝ શોરૂમ સામે, સાન્તાક્રુઝ (ઈસ્ટ), મુંબઈ – 400 098નો સંપર્ક કરી શકે છે.** ઈ-ઓક્શનના કોઈ પણ તબક્કે, અધિકૃત અધિકારી બીડ/ઓફરને સ્વીકારી/ ફગાવી/ સુધારી/ રદ કરી શકે છે અથવા તો કોઈ પણ પ્રકારની આગોતરી જાણકારી અને કારણ આપ્યા વિના ઈ-ઓક્શનને મુલત્વી રાખી શકે છે.
7. સફળ ખરીદદાર/બિડરે લાગુ કાયદા અનુસાર મિલકત કન્વેયન્સ કરવું/તેના/તેણી/તેમની તરફેણમાં કરાવી લેવા માટે ચૂકવવાનું આવશ્યક કોઈ પણ કાનૂની લેણાં, કર, ચૂકવવાપાત્ર ફી, સ્ટેમ્પ ડ્યુટી, નોંધણી ફી વગેરે ભોગવવાનું રહેશે.
8. ઋણદાર/ગેરન્ટરો, જેઓ કથિત બાકી લેણાં માટે ઉત્તરદાયી હોય, તેમણે આ વેચાણની સૂચનાને ઉક્ત ઉલ્લેખિત જાહેર ઈ-હરાજી વેચાણના હોલ્ડિંગ વિશે સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમોના નિયમ 8 (6) હેઠળ સૂચના તરીકે આ વેચાણ સૂચના ગણવામાં આવશે.
9. ઋણદાર(રો)/સહ-ઋણદાર(રો)/ગેરન્ટર(રો)/ગિરવે મૂકનાર(રો)ને અત્રે કથિત ઈ-હરાજીની તારીખ પૂર્વે ઉક્ત ઉલ્લેખિત આખી લોનનાં બાકી લેણાં ચૂકવી દેવા અત્રે અનુરોધ કરવામાં આવે છે, જેમાં નિષ્ફળ જવા પર એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ એસએઆરએફએઈએસઆઈ ધારા 2002માં નિર્ધારિત જોગવાઈઓ અનુસાર મિલકત વેચી નાખશે.
10. ઋણદાર(રો)/સહ-ઋણદાર(રો)/ગેરન્ટર(રો)/ગિરવે મૂકનાર(રો)/જાહેર જનતાનેઅત્રે એલ&ટી ફાઈનાન્સ લિમિટેડની પૂર્વ લેખિત સંમતિ વિના નોટિસમાં સંદર્ભિત સંરક્ષિત અસ્ક્યામતો અંગે વેચાણ, ભાડાપટ્ટા કે અન્યથા ટ્રાન્સફર નહીં કરવા માટે ચેતવવામાં આવે છે.

સહી/-
અધિકૃત અધિકારી
એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ વતી

તારીખઃ 07.11.2024
સ્થળઃ સુરત

નોટિસ
કોર્ટમાં XIX આસિસ્ટન્ટ સિટી સિવિલ જજ, ચેન્નઈ ઓ.એસ.ન. ૨૦૨૨ નો નંબર ૮૪૦૯

ચોલામંડલમ ઇન્વેસ્ટમેન્ટ અને ફાયનાન્સ કંપની લિમિટેડ
ઓફીસનું સરનામું : ''ડેર હાઉસ'' નં. ૨, એન.એસ.સી. બોઝ રોડ, પેરીઝ, ચેન્નઇ-૬૦૦૦૦૧
પ્રતિનિધિત્વ વરિષ્ઠ મેનેજર-લિગલ-
શ્રી. એસ. શિવા સુબ્રહમણ્યમ ...**વાદી**

વિરૂદ્ધ
શ્રી. દિવ્યરાજસિંહ જુવાનસિંહ પટીયાર
મુ. દુદીવાદર જામકંદોરના
રાજકોટ, ધોરાજી, ગુજરાત-૩૬૦૪૧૦ ...**પ્રતિવાદી**

પ્રતિ
શ્રી. દિવ્યરાજસિંહ જુવાનસિંહ પટીયાર
મુ. દુદીવાદર જામકંદોરના
રાજકોટ, ધોરાજી, ગુજરાત-૩૬૦૪૧૦

પ્રતિવાદી થી ભવિષ્યમાં વ્યાજ સહિત રૂપિયા **૨,૩૫,૦૭૦.૫૭** પૈસાની રાશીની વસુલી માટે પ્રતિવાદી સામે ઉપરોક્ત દાવો સારાંશ વાદ ૨૯/૧૦/૨૦૨૪ એ માનનીય XIX સહાયક ન્યાયાધીશ, સિટી સિવિલ કોર્ટ, ચેન્નઇની સમક્ષ આવ્યા. માનનીય અદાલતે વાદીને **૦૫/૧૨/૨૦૨૪** સુધીમાં તમને પરત કરી શકાય તેવી અવેજી સેવા દ્વારા સમન્સ લેવાનો નિર્દેશ આપતા આનંદ થયો. તમે ઉપરોક્ત કોર્ટ સમક્ષ રૂબરૂ અથવા તમારા વકીલ દ્વારા સવારે 10:30 વાગ્યે હાજર થઈ શકો છો. **૦૫/૧૨/૨૦૨૪** ના રોજ અને તમારી રજૂઆત કરો, જે નિષ્ફળ થવાથી તમારી ગેરહાજરીમાં કોર્ટ દ્વારા આ બાબતની સુનાવણી અને નિર્ણય લેવામાં આવશે.

એસ.સુરેશ એલ.એલ.એમ.,
ઓફીસ : જુનું નં. ૧૪૫/ નવો નં. ૩૦૧,
એડવોકેટ, થંભુચેટ્ટી, સ્ટ્રીટ, ચેન્નાઇ-૧

ગ્રુપ/નર્સરી બાળકોના હિતાર્થે સંસ્થાએ માહિતી રાખવીઃપોલીસ કમિશનરનું જાહેરનામું

જનાદેશ પ્રતિનિધિ, સુરતઃ પ્લેગ્રુપ, નર્સરી, શાળાઓમાંથી બાળકોના અપહરણ જેવા બનતા બનાવો સામે આગમચેતીરૂપે પોલીસ કમિશનરશ્રી અનુપમસિંહ ગહલૌતે એક જાહેરનામાનું બહાર પાડી પ્લેગ્રુપ, નર્સરીનું સંચાલન કરતી સંસ્થાઓએ પોતાની પાસે જરૂરી વિગતો રાખવાની સૂચના આપી છે. ૧૨ વર્ષ કે તેનાથી ઓછી ઉંમરના બાળકો શાળામાં સમય પૂરો થયા બાદ જે વાહનમાં જતા હોય તેની નિયત નમૂનામાં વિગતો રાખવાની રહેશે. જેમાં વાહનમાલિકનું નામ સરનામું, ડ્રાઈવરનું નામ સરનામું, ડ્રાઈવરનો ફોટો, ભાડેના વાહનો ઓટોરીક્ષા, મિનીબસ, માર્રૂતિવાન તેમજ પ્રાઈવેટ વાહનો માટે વાહનનો પ્રકાર તથા રજિસ્ટ્રેશન નં., બાળકનું નામ તથા ધોરણ અને ઉંમરની માહિતી રાખવાની રહેશે. પ્રાઈવેટ વાહન કે ખાનગી માણસ સાથે અવરજવર કરતા બાળકો માટે વાલીની સંમતિ સાથે લઈ જનારા સગાનું નામ, સરનામું, મો.નં.ની વિગતો સંસ્થાઓએ તેમના નિયત નમૂના આધારે રેકોર્ડ પર રાખવી. શાળા તરફથી શાળાના વાહનોમાં જતાં બાળકોને પણ શિક્ષક કે અધિકૃત વ્યક્તિએ બાળકોને સોંપવાના રહેશે. આ વ્યવસ્થાના અમલ માટે અમુક શાળાઓમાં બાળકોને બે ઓળખકાર્ડ ફોટા સાથે આપે છે. જેમાં એક બાળક પાસે અને એક લેવા આવનાર પાસે રાખે છે. જે કિસ્સામાં બાળકના વાલીઓ/ગાર્ડીયન એવું ઈચ્છતા હોય કે તેમનું સંતાન ૮ થી ૧૨ વર્ષનું છે. અને પોતાની રીતે સંસ્થામાં આવશે અને પરત જશે તો તેઓની જવાબદારી રહેશે. જેની બાંયધરી આપવાની રહેશે. બાંયધરી શાળાએ રેકર્ડ પર રાખવાની રહેશે. આ જાહરનામાનો અમલ તા.૩૦/૧૨/૨૦૨૪ સુધી રહેશે. હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

ઇ-હરાજી નોટીસ

ઈ-હરાજી ફોર્મ આમંત્રિત કરવામાં આવે છે કે "જેમ છે ત્યાં છે" ના ધોરણે " પ્રતિ કિલોના આધારે" નુકસાન થયેલા બચાવ " આગ અને પાણીથી ક્ષતિગ્રસ્ત મેટલ સ્ક્રેપ અને સ્ટોક વસ્તુઓ માટે હરાજી કરાશે જે અક્ષરચેમ (ઈન્ડિયા) લિમિટેડ, ગામઃ ઈન્દ્રાદ, તાલુકો : કઠી, જિલ્લો : મહેસાણા-૩૮૨૭૧૫, ગુજરાત.
નિરીક્ષણની છેલ્લી તારીખ અને ઈએમડી ભરવાની : ૧૨/૧૧/૨૦૨૪
ઈ-હરાજી થશે : ૧૩/૧૧/૨૦૨૪
ઈ-હરાજીના ફોર્મ માટે
સંપર્ક શ્રી હરપ્રિત સિંઘ
મો. નં. : +૯૧ - ૮૧૭૮૬૨૪૯૯૪
Bid2win Private Limited (Auctioneer)
For More Details: www.bid2win.in

શહેરમાં મહિલા/છાત્રાઓની સુરક્ષા અંગેનું પોલીસ કમિશનરનું જાહેરનામું

સુરતઃ સ્કૂલ/કોલેજ જતી છાત્રાઓ તેમજ કામકાજે જતી મહિલાઓની સુરક્ષાના હેતુસર સુરત શહેર પોલીસ કમિશનરશ્રી અનુપમસિંહ ગહલૌતે એક જાહેરનામા દ્વારા કેટલાક નિયંત્રણો મૂક્યા છે. જે અંતર્ગત સુરત શહેર કમિશનરેટ વિસ્તારમાં આવેલા સ્કૂલ/કોલેજ/કોચિંગ ક્લાસીસ/ટ્યુશન તેમજ મહિલા હોસ્ટેલની આસપાસના ૫૦ મીટર સુધી જાહેરમાર્ગ ઉપર કોઈપણ પુરૂષોએ વ્યાજબી કારણ વગર વાહન સાથે/વગર ઊભા રહવા કે બેસવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે.

આદિજાતિના શિક્ષિત યુવક-યુવતિઓને પાયલોટ તાલીમ માટે રૂ.૨૫ લાખની મર્યાદામાં લોન મળે છે

જનાદેશ પ્રતિનિધિ, સુરતઃ રાજ્યના અનુસુચિત જનજાતિના ઉમેદવારો માટે પાયલોટ તાલીમ માટે રૂ.૨૫ લાખની મર્યાદામાં લોન સહાય વાર્ષિક ૪ ટકા દરે આપવાની જોગવાઇ અમલમાં છે. યોજનામાં વિદ્યાર્થીની તાલીમ પૂર્ણ થયા બાદ છ માસ પછી લોનની રકમ કુલ-૬૦ હપ્તામાં ભરપાઇ કરવાની રહે છે. અરજદારે મેટ્રીક્યુલેશન અથવા હાયર સેકન્ડરી અથવા ઇન્ડિયન સ્કૂલ સર્ટિફિકેટ કે તેની સમકક્ષ પરીક્ષા પાસ કરેલી હોવી જોઇએ. સંબંધિત કોમર્શિયલ પાયલોટ ઇન્સ્ટીટ્યુટમાં પ્રવેશ મેળવેલ હોવા જોઇએ.

આ પાયલોટ તાલીમ લોન માટે આદિજાતિ પેટા વિસ્તારના વિદ્યાર્થીઓ/ અરજદારોએ જે તે વિસ્તારના પ્રાયોજના વહીવટદારશ્રીની ભલામણથી દરખાસ્ત મોકલવાની હોય છે. આદિજાતિ પેટા વિસ્તાર સિવાયના વિદ્યાર્થીઓ/ અરજદારોએ તકેદારી અધિકારીશ્રીની કચેરી મારફતે રજુ કરવાની હોય છે. આ યોજનાનો લાભ મેળવવા માટે આદિજાતિની વેબસાઇટ https://adijatinigam.gujarat.gov.in પર જે તે વિસ્તારની પ્રાયોજના વહીવટદારની કચેરી અથવા ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન બિરસા મુંડા ભવન, ગાંધીનગરનો સંપર્ક સાધી શકાય છે.

દિવ્યાંગ વિદ્યાર્થીઓમાં શિક્ષણનો વ્યાપ વધારવા માટે દિવ્યાંગ શિષ્યવૃત્તિ યોજના

જનાદેશ પ્રતિનિધિ, સુરતઃ રાજ્ય સરકાર દિવ્યાંગ વિદ્યાર્થીઓમાં શિક્ષણનો વ્યાપ વધારવા માટે દિવ્યાંગ શિષ્યવૃત્તિ આપવાની યોજના અમલી છે. આ યોજનાનો લાભ લેવા માટે અભ્યાસકર્તા દિવ્યાંગ વિદ્યાર્થીની વિકલાંગતાની ટકાવારી ૪૦% થી ઓછી હોવી ન જોઇએ, છેલ્લી વાર્ષિક પરીક્ષામાં ઓછામાં ઓછા ૪૦% ગુણથી ઉત્તિર્ણ હોવા જોઇએ, જે તે અભ્યાસમાં હાજરીની નિયમિતતા હોવી જોઇએ, દિવ્યાંગ વિદ્યાર્થીઓના વાલીની કૌટુંબિક વાર્ષિક આવક રૂા. ૫૦,૦૦૦ થી વધુ ન હોવી જોઇએ અને અરજીકર્તા દિવ્યાંગ ઓળખકાર્ડ ધરાવતા હોવા જોઇએ.

રાજ્ય સરકાર દ્વારા અમલી આ યોજના અંતર્ગત ધો.૧ થી ૭ સુધીમાં ભણતા દિવ્યાંગ વિદ્યાર્થીને વાર્ષિક રૂા.૧૦૦૦, ધો. ૮ કે તેથી ઉપર અભ્યાસ કરતા દિવ્યાંગને રૂા.૧૫૦૦ કે વધુમાં વધુ રૂા.૫૦૦૦ સુધી મળવાપાત્ર છે. આ યોજના હેઠળ મળતી શિષ્યવૃત્તિ જે તે પ્રાથમિક શાળા અને તાલુકા વિકાસ અધિકારી દ્વારા મોકલવામાં આવે છે.

આ યોજના અંતર્ગત શિષ્યવૃત્તિ માટે અરજીપત્રક દર વર્ષે શૈક્ષણિક કાર્ય શરૂ થતાં અરજીપક્ષકો શાળા, સ્કૂલ કે કોલેજ દ્વારા લખાણ આપવાથી રિન્યૂઅલ ફોર્મ કે ફ્રેશ ફોર્મ આપવામાં આવે છે. તેમજ આ અરજીપત્રકો જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીમાંથી પણ વિનામૂલ્યે મળે છે.

દિવ્યાંગ શિષ્યવૃત્તિ મેળવવા માટે અપાતા અરજીપત્રકો સાથે દિવ્યાંગ વિદ્યાર્થીનું વિકલાંગ ઓળખકાર્ડ તથા જે તે નિષ્ણાંત તબીબનું ટકાવારીનું પ્રમાણપત્ર, વાલીની વાર્ષિક આવકના સક્ષમ અધિકારીનો દાખલ, ગત વર્ષની વાર્ષિક પરીક્ષા પરિણામની પ્રમાણિત નકલ સાથે અરજીપત્રકો જે તે શૈક્ષણિક સંસ્થા દ્વારા સંપૂર્ણ માહિતી સાથે મોકલવાના હોય છે.

જયારે, વિદ્યાર્થીની એસ.સી., એસ.ટી. બક્ષીપંચ કે સામાન્ય વર્ગની અરજીઓ જુદા-જુદા પત્રક સાથે મોકલવાના રહેશે.

દિવ્યાંગ શિષ્યવૃત્તિ મંજુર કરવાની સત્તા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની છે. જો દિવ્યાંગ વિદ્યાર્થી શાળા, કોલેજ કે શૈક્ષણિક સંસ્થામાં અનિયમિત હોય, અભ્યાસ અધવચ્ચે છોડી દીધો હોય, વિદ્યાર્થીનું આકસ્મિક મૃત્યુ થયું હોય, પછાત વર્ગ કે આદિજાતિની શિષ્યવૃત્તિ મેળવતા હોય તો આ યોજના હેઠળ શિષ્યવૃત્તિ મળવાપાત્ર થતી નથી. યોજનાનો લાભ મેળવવા માટે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી, ગ્રાઉન્ડ ફલોર, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ ખાતે સંપર્ક સાધવાનો રહેશે

તા.૮ થી ૧૦ નવેમ્બર દરમિયાન નવસારી જિલ્લાના

સુરખાઇ ઢોડિયા સમાજની વાડી ખાતે રાષ્ટ્રીય 'આદિવાસી રાષ્ટ્રીય વ્યાપાર મેળો' યોજાશે

જનાદેશ પ્રતિનિધિ, સુરતઃ સમસ્ત આદિવાસી સમાજ, લોકમંગલમ્ ચેરીટેબલ ટ્રસ્ટ ખોબા, આદિવાસી વિકાસ કે. કો. સો. લિ. ફલધરા, સ્પર્શ ફાઉન્ડેશન-વ્યારાના સંયુક્ત ઉપક્રમે તા.૮ થી ૧૦ નવેમ્બર દરમિયાન નવસારી જિલ્લાના ચિખલી તાલુકા સ્થિત સુરખાઇ ઢોડિયા સમાજની વાડી ખાતે રાષ્ટ્રીય 'આદિવાસી રાષ્ટ્રીય વ્યાપાર મેળો' યોજાશે. આ કાર્યક્રમનો નો મુખ્ય ઉદ્દેશ્ય-આદિવાસી નવ યુવાનોને સરકારશ્રીની જુદી જુદી યોજનાઓથી માહિતગાર કરી ઉદ્યોગ/ધંધા માટે પ્રેરણા આપવાનો અને રોજગારીની મહત્તમ તક પ્રદાન કરવાનો છે. જેનો પ્રારંભ તા.૮-૧૧-૨૦૨૪ ના રોજ સવારે ૧૦:૦૦ વાગે આદિજાતિ વિભાગના મંત્રીશ્રી કુબેરભાઇ ડીંડોરના હસ્તે કરવામાં આવશે. સમસ્ત આદિવાસી સમાજના પ્રમુખ ડો.પ્રદીપ ગરાસિયાના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે તડામાર તૈયારીઓ થઇ રહી છે. આ મેળામાં અંદાજીત ૫૦ હજારથી વધુ લોકો ભાગીદાર બનશે. વિવિધ સરકારી એકમો દ્વારા આદિવાસી નવયુવાનોને ઉદ્યોગ/ધંધા માટે માર્ગદર્શન અને રોજગારીની તક આપતા મેળામાં ૨૪૦થી વધુ સ્ટોલ પર વિવિધ ચીજવસ્તુઓ સાથે આદિવાસી ખાન-પાનનું અનેરૂ આકર્ષણ રહેશે. ત્રિ-દિવસીય ટ્રેડ ફેર દરમ્યાન રોજબરોજ જુદા જુદા વિષયો પરત્વે સેમિનાર અને ટોક-શો રાખવામાં આવ્યા છે. તા.૯/૧૧/૨૦૨૪ના રોજ સાંજે ૫-૦૦ વાગે જાણીતા આંતરરાષ્ટ્રીય મોટીવેશનલ સ્પીકરશ્રી જય વસાવડા પ્રભાવશાળી પ્રવચન આપશે. આદિવાસી સમાજના વિવિધ ક્ષેત્રોમાં વેપાર-ધંધા કરનાર ઉદ્યમીઓ પાસેથી પ્રેરણા અને માર્ગદર્શન મેળવીને શિક્ષિત બેરોજગારો સ્વરોજગારી ઉભી કરીને પોતાને સ્વાવલંબી બનાવી શકે તેના માટે ટ્રેડ ફેરના આયોજકો દ્વારા રોજગારી ક્ષેત્રે કામ કરતા સરકારી એકમો જેવાંકે ????, ???, જીલ્લા રોજગાર કેન્દ્રો તથા ખેતીવાડી વિભાગ,બાગાયત વિભાગ, પશુપાલન વિભાગ દ્વારા આર્થિક સ્વાવલંબન માટેની સરકારશ્રીની યોજનાઓ તથા તે માટે મળવાપાત્ર સહાય અને વ્યાપાર-ધંધો શરૂ કરવા માટે આર્થિક સાધનો ઉભાં કરવા માટે બેન્કો પૈકી લીડ બેન્ક,નાબાર્ડ વગેરે દ્વારા લોકોને જરૂરી માર્ગદર્શન આપવામાં આવશે. ખેડૂતોને ખેત ઉત્પાદનોના પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે વી ખેડૂતો થકી શરૂ કરવાની સંસ્થાઓને સંપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવશે. ટ્રેડફેરમાં ત્રણ દિવસ રાત્રિના ૮ થી ૧૧ વાગ્યા સુધી વિવિધ આદિવાસી સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે. તા.૮મીએ વસાવા, ચૌધરી, ગામીત, ઢોડિયા, હળપતિ સમાજના નૃત્યો, તા.૯ મીએ દાહોદ, ગોધરા, સાબરકાંઠા ડુંગરી ગરાસિયા, બામણીયા સમાજ તલવાર ટીમલી નૃત્ય, કુંકણા સમાજનું નૃત્ય અને તા.૧૦ મીએ ઘેરૈયા નૃત્ય મંડળીની રમઝટ જામશે. ત્રિદવસીય ટ્રાયબલ ટ્રેડ ફેરમાં રાજ્યકક્ષાના આદિજાતિ મંત્રી અને માંડવી વિધાનસભા મત વિસ્તારના ધારાસભ્યશ્રી કુંવરજીભાઇ હળપતિ, વલસાડના સાંસદ શ્રી ધવલભાઇ પટેલ, વિધાનસભાના માન.ઉપદંડક અને ડાંગના ધારાસભ્યશ્રી વિજયભાઇ પટેલ, ગણદેવી ધારાસભ્ય અને પૂર્વ આદિજાતિ મંત્રીશ્રી નરેશભાઇ પટેલ, ધરમપુર ધારાસભ્યશ્રી અરવિંદભાઇ પટેલ, મહુવા ધારાસભ્યશ્રી મોહનભાઇ ઢોડિયા, કપરાડા ધારાસભ્ય અને પૂર્વ રાજયકક્ષાના સિંચાઇ અને પાણી પુરવઠા મંત્રીશ્રી જીતુભાઇ ચૌધરી, વાંસદા ધારાસભ્યશ્રી અનંતભાઇ પટેલ, ખેડબ્રહ્મા ધારાસભ્યશ્રી અને પૂર્વ કેન્દ્રીય મંત્રીશ્રી ડો.તુષાર ચૌધરી, પૂર્વ ધારાસભ્ય તથા પૂર્વ સાંસદ અને સુમુલ ડેરી, મહુવા સુગર અને વ્યારા સુગર ફેકટરીના ચેરમેનશ્રી માનસિંહભાઇ પટેલ, , વસુધારા ડેરીના ચેરમેનશ્રી ગમનભાઇ પટેલ, નવસારી જિલ્લા કલેકટર શ્રીમતિ ક્ષીપ્રા અગ્રે, નવસારી જિલ્લા પોલીસ વડાશ્રી સુશીલ અગ્રવાલ, આદિવાસી સમાજના જાણીતા ઉદ્યોગપતિશ્રી ચંપકભાઇ વાડવા, આદિવાસી સમાજના યુવા ઉદ્યોગ સાહસિહકશ્રી તેજસભાઇ પટેલ (ટેક સન બાયો,ગ્રીન એનરજી સોલ્યુશન), આદિવાસી સમાજના જુદા જુદા સમુદાયના પ્રમુખશ્રીઓ, નિવૃત અને કાર્યરત ઉચ્ચ અધિકારીઓ તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

નામ બદલેલ છે
મારું પહેલા જૂનું નામ **સ્મિતાબેન શીરીષભાઈ પટેલ** હતું જે બદલીને નવું નામ **સ્મિતાબેન જયેશભાઈ પટેલ** રાખેલ છે, જેની સર્વે નોંધ લેવી.
લિ. સ્મિતાબેન જયેશભાઈ પટેલ
સરનામું : એ-૩૦૨, ભવાની કોમ્પ્લેક્ષ, સાંઈબાબા પેટ્રોલ પંપની સામે, કતારગામ, સુરત-૩૯૫૦૦૪

નામ બદલેલ છે.
મારું જુનું નામ **હંસાબેન રવજીભાઈ સુતરિયા** હતું. જે બદલીને નવું નામ **હંસાબહેન રવજીભાઈ સુતરિયા** રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી.
લિ. હંસાબહેન રવજીભાઈ સુતરિયા
સરનામું : ૯, માધવાનંદ સોસાયટી, શિશુવિહાર સ્કુલની સામે, આનંદમહલ રોડ, અડાજણ, સુરત-૩૯૫૦૦૯, ગુજરાત-ભારત

નામ બદલેલ છે.
મારું જૂનું નામ **પ્રવિણાબેન હસમુખકુમાર પંચાલ** હતું જે નામ બદલીને નવું નામ **પ્રવિણાબેન હસમુખ પંચાલ** રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી.
લિ.: પ્રવિણાબેન હસમુખ પંચાલ
સરનામું : પ્લોટ નં. ૨૨, આરાધના સોસાયટી, ગાયત્રી મંદિર રોડ એનએચ નો-૮, હોટલ પેપીલોન પાછળ, વાપી, પારડી, વલસાડ, વાપી ગુજરાત-૩૯૬૧૯૧

નામ બદલેલ છે.
મારું જૂનું નામ **ભાવિક હસમુખકુમાર પંચાલ** હતું જે નામ બદલીને નવું નામ **ભાવિક હસમુખ પંચાલ** રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી.
લિ.: ભાવિક હસમુખ પંચાલ
સરનામું : પ્લોટ નં. ૨૨, આરાધના સોસાયટી, ગાયત્રી મંદિર રોડ એનએચ નો-૮, હોટલ પેપીલોન પાછળ, વાપી, પારડી, વલસાડ, વાપી ગુજરાત-૩૯૬૧૯૧

નામ બદલેલ છે.
I have Changed my file name from SHASHIKANT to SHASHIKANT PREMABHAI
Address:- H.No.99/4, Bhandarwad, Kadaiya, Nani Daman, Daman 396210

નામ બદલેલ છે.
મારું જૂનું નામ **પટેલ નિલેશકુમાર બાવચંદભાઈ** હતું જે નામ બદલીને નવું નામ **ઈટાલિયા નિલેશકુમાર બાવચંદભાઈ** રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી.
લિ.: ઈટાલિયા નિલેશકુમાર બાવચંદભાઈ
સરનામું : બી/૭૧, ગાયત્રી પરીવાર સોસાયટી, વિભાગ-૩, કતારગામ, સુરત-૩૯૫૦૦૪

નામ બદલેલ છે.
મારું જૂનું નામ **હાર્દિકકુમાર ભરતભાઈ મહેતા** હતું જે નામ બદલીને નવું નામ **હાર્દિક ભરતભાઈ મહેતા** રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી.
લિ.: હાર્દિક ભરતભાઈ મહેતા
સરનામું : બી-૫૦૩, શ્રી સર્જન પેલેસ, વીઆઈપી રોડ, વેસુ, સુરત-૩૯૫૦૦૭

નામ બદલેલ છે.
મારું જૂનું નામ **કેશવભાઈ જાદવભાઈ તોગડીયા** હતું જે નામ બદલીને નવું નામ **કેશુભાઈ જાદવભાઈ ત